# Evaluation Of The Handwriting Among The Higher Primary School's Students
# (ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનનું મૂલ્યાંકન)

**Jignesh N. Thaker**
40, Shreenathji Nagar-3,
Bhavnagar-364002
Gujarat.

Received May 28, 2014. Accepted July 15, 2014.

**ABSTRACT** વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યકિતમાં હસ્તાક્ષર લેખન મહત્વનું પરિબળ છે. એક ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬, ૭ અને ૮ ના વિદ્યાર્થીઓની એક ૧૦ લીટીના ગદ્યખંડ લેખન કસોટી વડે તેમના હસ્તાક્ષરો વિશે અર્થઘટનો અને તારણો મેળવાયાં હતાં. તેના આધારે શૈક્ષણિક ફલિતાર્થો મળ્યા હતાં. ૫૦ વિદ્યાર્થીઓ આકસ્મિક અને હાથવગા નમૂના દ્વારા પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરાયા હતા. સરાસરી અને શતમાનના આધારે પરિણામો મેળવાયાં હતાં. હસ્તાક્ષર લેખન મૂલ્યાંકન માટે ભાલ (૧૯૮૪)ની યોજનાનો ઉપયોગ થયો હતો.

***Key words*** **:** હસ્તાક્ષર લેખન.

## ❖ ભૂમિકા :

વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યકિતમાં હસ્તાક્ષર મહત્વનું પરિબળ છે. તેમના લેખનની સુવાચ્યતા પર વાચકના અર્થગ્રહણનો આધાર છે. સુંદર, સુડોળ સુવાચ્ય અક્ષરલેખનનું વાચન રૂચિકર બને છે. પ્રાથમિક શાળાની ઉચ્ચત્તર કક્ષાએ ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હસ્તાક્ષરલેખનના મૂલ્યાંકનથી તેમની લેખિત અભિવ્યકિત તપાસવાનો હેતુ છે. તે તપાસના આધારે તેમને હસ્તાક્ષરલેખન સુધારણા માટે માર્ગદર્શન આપી શકાય (વ્યાસ, ૧૯૯૮). તેથી પ્રસ્તુત લઘુશોધ માટે એક ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષરલેખનનું મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ હતો.

## ❖ અભ્યાસના હેતુઓ :

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબના હતા.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનનું મૂલ્યાંકન કરવું.

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬, ૭ અને ૮ ના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનના મૂલ્યાંકન વચ્ચેનો તફાવત જાણવો.

૩). ભાલ (૧૯૮૪) રચિત હસ્તાક્ષર લેખનની મૂલ્યાંકન યોજના અનુસારનાં ઘટકો મુજબ લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરવું.

❖ **અભ્યાસના પ્રશ્નો :**

પ્રસ્તુત અભ્યાસ નીચે પ્રમાણેના અભ્યાસ પ્રશ્નો સન્દર્ભે પ્રયોજાયો હતો.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું હસ્તાક્ષરલેખન કેવું છે ?

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખનના મૂલ્યાંકનમાં ધોરણ ૬ થી ૮ વચ્ચે શું તફાવત છે ?

૩). ભાલ (૧૯૮૪) રચિત હસ્તાક્ષર લેખનની મૂલ્યાંકન યોજના અનુસારનાં ઘટકો જેવાં કે સીધી લીટીમાં લખાણ, અક્ષરનું કદ, અક્ષરોના મરોડ, સીધા કે ત્રાંસા અક્ષરો, શબ્દો વચ્ચે યોગ્ય અંતર, અક્ષરો વચ્ચેની જગ્યા, સ્વચ્છતા અને એકંદર છાપ સન્દર્ભે લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું વર્ગીકરણ શું છે ?

❖ **વ્યાપવિશ્વ અને નમૂનો :**

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના લાખણકા (ડેમ)ની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા. ઈ.સ. ૨૦૧૩–૧૪ વર્ષના બધા જ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું. જેમાં ધોરણ ૬ માં ૧૫, ધોરણ ૭ માં ૧૭ અને ધોરણ ૮ માં ૨૩ એમ કુલ મળીને ૫૫ વિદ્યાર્થીઓ હતા. જે દિવસે તેમની પાસે હસ્તાક્ષર લેખન કસોટી લેવામાં આવી ત્યારે ધોરણ ૬ માં ૧૪, ધોરણ ૭ માં ૧૫ અને ધોરણ ૮ માં ૨૧ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ હતા. આમ, કુલ ૫૦ વિદ્યાર્થીઓનો આકસ્મિક અને હાથવગો નમૂનો લેવામાં આવ્યો હતો. અહીં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે પસંદ કરેલ હોવાથી તેમાં વ્યાપવિશ્વનાં ૯૦.૯૯% પાત્રો પસંદ થયાં હતાં.

❖ **ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસ માટેના પસંદિત પાત્રો પાસે માતૃભાષ–ગુજરાતીમાં ૧૦ લીટીનો એક ગદ્યખંડ તેમના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકમાંથી લખવા માટે જણાવેલ. તે માટે તેમને ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. આ માટે દરેક વિદ્યાર્થીને એક ફૂલસ્કેપ સાઈઝનો કોરો કાગળ આપેલ હતો. વિદ્યાર્થીઓએ આ પ્રમાણે આપેલ હસ્તાક્ષરલેખન કસોટી જ ઉપકરણ તરીકે ઉપયોગમાં લીધેલ હતી.

❖ **માહિતીનું પૃથ્થકરણ :**

હસ્તાક્ષરલેખન માટે જણાવેલ ગદ્યખંડ પર વિદ્યાર્થીનું નામ, રોલનંબર અને તેમના ધોરણ અંગેની માહિતી માગવામાં આવેલ હતી. પ્રસ્તુત પ્રદત્ત એકત્ર કરી લીધા પછી ભાલ (૧૯૮૪) રચિત હસ્તાક્ષર મૂલ્યાંકન યોજનાના ઘટકો અને તેમનાં પેટાં ઘટકો અનુસાર સર્વોત્તમ, ઉત્તમ, મધ્યમ, નબળું અને અતિ નબળું તેમ અનુક્રમે ૫, ૪, ૩, ૨ અને ૧ મુજબ ગુણાંકન કરવામાં આવેલ. એ રીતે મુખ્ય ઘટક સીધી લીટીમાં લખાણનાં પાંચ પેટા ઘટકોનું ગુણાંકન ૫ થી ૧ સુધીમાં તેમ અક્ષરનું કદ, અક્ષરોના મરોડ, સીધા કે ત્રાંસા અક્ષરો, શબ્દો વચ્ચે યોગ્ય અંતર, અક્ષરો વચ્ચે જગ્યા, સ્વચ્છતા અને એકંદર છાપ આ દરેક મુખ્ય ઘટકનાં પાંચ–પાંચ પેટા ઘટકોને ૫ થી ૧ સુધીમાં ગુણાંકન કરવામાં આવેલ હતું. તેથી કુલ આઠ મુખ્ય ઘટકોને

પાંચ–પાંચ પેટા ઘટકો હોવાથી દરેક મુખ્ય ઘટકને વધુમાં વધુ ૫ ગુણ થવાથી કુલ (૮×૫) ૪૦ ગુણમાંથી દરેક પાત્રની હસ્તાક્ષરલેખન કસોટીને પ્રાપ્તાંકો પ્રાપ્ત થયા હતા. ત્યારબાદ સમગ્ર નમૂના સન્દર્ભે અને હસ્તાક્ષરલેખન મૂલ્યાંકન યોજના અનુસારનાં મુખ્ય ઘટકો સન્દર્ભે સરાસરી અને શતમાનની ગણતરીઓ કરીને અભ્યાસ પ્રશ્નોના ઉત્તરો મેળવાયા હતા.

## ❖ પરિણામો :

માહિતીના પૃથ્થકરણના આધારે નીચે મુજબનાં પરિણામો પ્રાપ્ત થયાં હતાં.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ૫૦ વિદ્યાર્થીઓની હસ્તાક્ષર લેખન કસોટીનો સરાસરી પ્રાપ્તાંક ૨૭.૬ મળ્યો હતો.

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬ ના ૧૪ વિદ્યાર્થીઓની હસ્તાક્ષર લેખન કસોટીનો સરાસરી પ્રાપ્તાંક ૨૫.૮, ધોરણ ૭ ના ૧૫ વિદ્યાર્થીઓની હસ્તાક્ષર લેખન કસોટીનો સરાસરી પ્રાપ્તાંક ૨૭.૬ અને ધોરણ ૮ ના ૨૧ વિદ્યાર્થીઓની હસ્તાક્ષર લેખન કસોટીનો સરાસરી પ્રાપ્તાંક ૨૯.૫ મળ્યો હતો.

૩). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ૫૦ વિદ્યાર્થીઓના હસ્તાક્ષર લેખન મૂલ્યાંકનમાં ૧૮% વિદ્યાર્થીઓ સીધી લીટીમાં લખાણ, ૦૬% વિદ્યાર્થીઓ અક્ષરોનું સપ્રમાણ કદ, ૧૦% વિદ્યાર્થીઓ અક્ષરોના યોગ્ય મરોડ, ૧૨% વિદ્યાર્થીઓ સીધા અક્ષરોમાં, ૦૮% વિદ્યાર્થીઓ શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી, ૧૦% વિદ્યાર્થીઓ અક્ષરો વચ્ચેની યોગ્ય જગ્યા રાખી, ૧૦% વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવી અને ૨૬% વિદ્યાર્થીઓ એકંદરે યોગ્ય લખાણ કરતા હતા.

## ❖ અર્થઘટનો :

પરિણામો પરથી પ્રસ્તુત અભ્યાસ માટે નિમ્નાનુસાર અર્થઘટકો કરી શકયાં હતાં.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હસ્તાક્ષરલેખનમાં ઉત્તમ જણાયા હતા.

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાની કક્ષાઓ અનુસાર ધોરણ ૬, ધોરણ ૭ અને ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ હસ્તાક્ષરલેખનમાં ઉત્તમ જણાયા હતા.

૩). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હસ્તાક્ષરલેખનનાં ઘટકોમાં અક્ષરોના કદની સમપ્રમાણતા અને અક્ષરોના યોગ્ય મરોડ તથા શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવામાં નબળા હતા જ્યારે સીધી લીટીમાં લખાણ અને સીધા અક્ષરોમાં લખાણ તેમજ અક્ષરો વચ્ચેની જગ્યા તથા સ્વચ્છતાની બાબતમાં મધ્યમ જણાયા હતા. જ્યારે લખાણની એકંદર છાપમાં ઉત્તમ રહયા હતા.

## ❖ તારણો :

અભ્યાસનાં પરિણામો અને અર્થઘટકો પરથી નીચે મુજબનાં તારણો મેળવાયાં હતાં.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હસ્તાક્ષરલેખનમાં તેઓ સર્વોત્તમને બદલે ઉત્તમ લેખન કરી શકયા હતા.

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬,૭ અને ૮ ના વિદ્યાર્થીઓની કક્ષા પ્રમાણે તેમના હસ્તાક્ષરલેખનના મૂલ્યાંકનમાં પણ સર્વોત્તમને બદલે ઉત્તમ લેખન કાર્ય જણાયું હતું.

૩). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષરલેખનની મૂલ્યાંકન યોજના અનુસાર થયેલ વર્ગીકરણમાં સૌથી વધુ વિદ્યાર્થીઓના હસ્તાક્ષરલેખનની એકંદર છાપ સારી હતી. ત્યારબાદ ઉતરતા ક્રમમાં સીધીલીટીમાં લખાણ, સીધું અક્ષર લેખન, અક્ષરો વચ્ચેની યોગ્ય જગ્યા, અક્ષરોના યોગ્ય મરોડ, લખાણની સ્વચ્છતા, શબ્દો વચ્ચેનું અંતર અને અક્ષરોનું સપ્રમાણ કદ જાળવવાની બાબતો જાણવા મળી હતી.

❖ **ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસ પરથી નીચેના ફલિતાર્થો સૂચવી શકાય.

૧). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું હસ્તાક્ષરલેખન સર્વોત્તમ (સુંદર) બને તે માટે શાળાએ પ્રયત્નો કરવા જોઈએ.

૨). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના ધોરણ ૬, ધોરણ ૭ અને ધોરણ ૮ ની કક્ષાના વિદ્યાર્થીઓના ઉત્તમ હસ્તાક્ષરલેખનની માત્રા ક્રમિક વધવી જોઈએ. ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનું હસ્તાક્ષરલેખન સર્વોત્તમ બને તે માટે વિદ્યાર્થીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શનથી મહાવરો કરાવવાની જરૂર છે.

૩). લાખણકા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના હસ્તાક્ષરલેખન માટેના દરેક ઘટકો સર્વોત્તમ બને તે માટે દરેક ધોરણમાં લેખનકાર્ય કરાવતી વખતે આ ઘટકોથી તેમને અવગત કરાવવા જોઈએ અને તે મુજબ વારંવાર લેખનકાર્યનો અવસર આપવો જોઈએ.

❖ **સન્દર્ભો :**

ભાલ, જે. ડી. (૧૯૮૪). હસ્તાક્ષર મૂલ્યાંકન માપદંડ, શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

વ્યાસ વી.ડી. (૧૯૯૮). અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની માતૃભાષા લેખન અભિવ્યકિત. એમ.એડ્. લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.